હવે જૂનાગઢમાંથી નકલી આર્મી કેપ્ટન ઝડપાયો, નોકરીની લાલચ આપી યુવાનોને લાખોમાં છેતર્યા

ટ્રેનમાં આર્મીના યુનિફોર્મમાં ભટકાયેલા ઠગબાજે યુવકને રેલવેમાં નોકરીની લાલચ આપી 3 લાખ પડાવ્યા બાદ ભાંડો ફૂટ્યો

પોલીસે ધરપકડ કરી, આર્મીનો કેપ્ટન રેન્કનો યુનિફોર્મ, કેન્ટિંગનું સ્માર્ટ કાર્ડ, નકલી આઈડી સહિતના દસ્તાવેજ જપ્ત

ગાંધીનગરઃ રાજ્યમાં છેલ્લા ઘણાં સમયથી નકલીનો કારોબાર ધમધમી રહ્યો છે, જે હજુ પણ ઓછું થવાનું નામ લેતો નથી. તાજેતરમાં જ નકલી જજ અને નકલી કોર્ટ પકડાયા બાદ હવે જુનાગઢમાંથી નકલી આર્મી કેપ્ટન ઝડપાયો છે.

આ અંગે મળતી માહિતી મુજબ જૂનાગઢમાં આર્મીના કેપ્ટનનો ડ્રેસ પહેરીને નકલી આર્મી કેપ્ટન તરીકે ફરી રહેલા પ્રવીણ સોલંકી નામના યુવકની પોલીસે ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. જૂનાગઢમાં રહેતો દિવ્યેશ નામનો યુવક ટ્રેનમાં પંજાબ જઈ રહ્યો હતો, તે દરમિયાન તેને આર્મી ડ્રેસમાં પ્રવીણ સોલંકી નામના યુવક સાથે મુલાકાત થઈ હતી. આ મુલાકાત દરમિયાન પ્રવિણ સોલંકીએ પોતાની ઓળખ આર્મીના કેપ્ટન તરીકે આપી હતી, ત્યારબાદ તેણે નોકરી આપવાની લાલચ આપી દિવ્યેશને પોતાની જાળમાં ફસાવ્યો હતો. નકલી આર્મી કેપ્ટન પ્રવીણ સોલંકીએ આર્મીના ડ્રેસનો ફોટો તેમજ પગાર સ્લીપ આર્મીનું આઈકાર્ડ બતાવી દિવ્યેશને રેલવેમાં લોકો પાયલોટની નોકરી આપવાની લાલચ આપી હતી. આમ કહીને ધીરે ધીરે દિવ્યેશ પાસેથી 3 લાખથી વધુની રકમ પડાવી લીધી હતી, પરંતુ કોઈ જ નોકરી અપાવી ન હતી. આથી દિવ્યેશને લાગ્યું કે પોતે છેતરપિંડીનો ભોગ બન્યો છે. જેથી તેણે પોલીસનો સંપર્ક કર્યો હતો. જેના આધારે પોલીસે નકલી આર્મી કેપ્ટન પ્રવીણ સોલંકીની ધરપકડ કરી છે.

પ્રવીણ સોલંકી મૂળ ગીર સોમનાથ જિલ્લાના કોડીનારનો બાવાપીપળવા ગામનો રહેવાસી છે. પોલીસે તેની પાસેથી આર્મીના કેપ્ટન રેન્કનો યુનિફોર્મ, આર્મી કેન્ટિંગનું સ્માર્ટ કાર્ડ, નકલી આઈકાર્ડ સહિતના દસ્તાવેજો જપ્ત કર્યા છે.

નોકરીની લાલચ આપી 10થી વધુ યુવક પાસેથી 25 લાખથી વધુ ખંખેર્યા

પોલીસની પ્રાથમિક તપાસમાં આ નકલી આર્મી કેપ્ટન પ્રવીણ સોલંકીએ સૌરાષ્ટ્રના માણાવદર, કેશોદ, ભાવનગર, માંગરોળ સહિતના અનેક વિસ્તારોના લગભગ 10થી વધુ યુવકોને નોકરી આપવાની લાલચ આપીને 25 લાખથી વધુની છેતરપિંડી કરી હોવાનું બહાર આવ્યું છે. પોલીસે આ અંગે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

કબૂતરબાજી: મહેસાણાનો પી.કે. 8 લોકોને લાખ્ખો પડાવીને ગેરકાયદે અમેરિકા મોકલી ચૂક્યો છે

જપ્ત થયેલી ડાયરીમાં કરોડોના હિસોબોની લેવડ- દેવડનો હિસાબ મળ્યો

ગાંધીનગરઃ તાજેતરમાં સ્ટેટ મોનિટરિંગ સેલના પોલીસ અધિકારીઓની ટીમ દ્વારા કબૂતરબાજીના કૌભાંડમાં 22 માસથી નાસતા ફરતાં આરોપી પીકે ઉર્ફે પંકજ પટેલની ઉત્તર પ્રદેશના વારાણસીથી ધરપકડ કરી લેવામાં આવી છે. પી.કે. ની પુછપરછમાંથી બહાર આવેલી વિગતો મુજબ તે અત્યાર સુધીમાં લાખ્ખો ખંખેરીને ઉત્તર ગુજરાતના આઠેક લોકોને ગેરકાયદે અમેરિકા મોકલી ચૂક્યો છે. ગેરકાયદે અમેરિકા એક કપલને મોકલવાના એજન્ટો દ્વારા દોઢથી પોણા બે કરોડની રકમ લેવાય છે.જો કે પહેલા ટોકન આપ્યા બાદ મોટી રકમ તો કપલ અમેરિકા તેમના ચોક્કસ સ્થાને કે શહેરમાં પહોચી જાય અને ફોન આવી જાય પછી તુરંત જ ચૂકવી દેવાય છે.

ઉત્તર ગુજરાત સહિત ગુજરાતના લોકોને કરોડોની રકમ ખંખેરીને ગેરકાયદેઅમેરિકા મોકલાવના કબૂતરબાજીના કૌભાંડમાં સંડોવાયેલા મુખ્ય સૂત્રધાર બોબી પટેલના સાગરિત પંકજ પટેલની સ્ટેટ મોનિટરિંગસેલ દ્વારા ઉત્તર પ્રદેશના વારાણસીથી ઓપરેશન હાથ ધરીને ધરપકડ કરી લેવામાં આવી હતી. પંકજ પટેલના માથે 25 હજારનું ઈનામ રાખવામાં આવ્યું હતું. સ્ટેટ મોનિટરિંગ સેલના અધિકારીઓની ટીમ દ્વારા પંકજ પટેલ ઉર્ફે પીકે પાસેથી હિસાબોની ખાનગી ડાયરી, રોકડ રકમ, અમેરિકન ડોલર પણ મળી આવતા તે જપ્ત કરી લેવામાં આવ્યા છે. આરોપી પંકજ પટેલ છેલ્લા 22 મહિનાથી માસતો ફરતો હતો. પંકજ પટેલે મધ્યપ્રદેશમાંથી ઈન્ટરનેટ માટે ડોંગલ પણ લીધુ હતુ , તે પણ જપ્ત કરી લેવાયુ છે. કબૂતરબાજીના કેસમાં અત્યાર સુધીમાં 9 આરોપીઓની ધરપકડ કરી લેવામાં આવી છે.

આરોપી પંકજ પટેલ કબૂતરબાજીના કૌભાંડમાં મુખ્ય સૂત્રધાર બોબી પટેલનો ભાગીદાર હતો અને ખોટા ડોક્યુમેન્ટ બનાવવા અને વિદેશ જવા ઈચ્છુક વ્યક્તિઓ પાસેથી પૈસા લેવાનો હતો. એટલું જ નહીં, અગાઉ પંકજ પટેલ અમેરિકા જઈ આવ્યો હતો અને બીજી વખત શિકાગો એરપોર્ટથી પરત મોકલ્યો હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. સ્ટેટ મોનિટરિંગ સેલે પકડેલા આરોપી પંકજ પટેલને અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં રિમાન્ડ માટે રજૂ કરવામાં આવતા 10 જેટલા મુદ્દે પોલીસે 14 દિવસના રિમાન્ડની માંગ કરી હતી. વિદેશ જવા ઈચ્છુકોને બનાવટી ડોક્યુમેન્ટ આધારે કે પછી નોકરીની લાલચે ગુજરાતમાંથી અમેરિકા મોકલવાના કબૂતરબાજીના કૌભાંડમાં સંડોવાયેલા પંકજ પટેલને વારાણસીના ગોલા દીનાનાથ બજારમાં આવેલા કિશન કટારા વિસ્તારમાંથી સ્ટેટ મોનિટરિંગ સેલે ઝડપી લીધો હતો.પકડાયેલા આરોપી પંકજ પટેલ પર 25 હજારનું ઈનામ પણ હતું.

દલિત સમાજનું અપમાન કરવા બદલ યોગી આદિત્યનાથ સામે એટ્રોસીટીની ફરિયાદ કરવા કોંગ્રેસની માંગ

અમદાવાદઃ ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ દ્વારા દલિત સમાજના અપમાનજનક ભાષણથી સમગ્ર દલિત સમાજની લાગણી ઘવાઈ છે ત્યારે યોગી આદિત્યનાથ સામે એટ્રોસીટીની ફરિયાદ દાખલ કરવાની માંગણી પ્રદેશ કોંગ્રેસ દ્વારા માગણી કરવામાં આવી છે. પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા રત્નાબેન વોરાએ જણાવ્યું હતું કે, 19 સેકન્ડનો એક વિડિયો છેલ્લા એક અઠવાડિયાથી ખૂબ જ વાયરલ થઈ રહેલો છે. જેમાં ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે 31 ઓક્ટોબર 2024ના રોજ ગોરખપુરમાં એક જાહેર સભામાં સંબોધન કરતા અસંવેધાનિક, અપમાનજનક શબ્દ શબ્દનો ઉપયોગ કરેલો છે. 1982માં કેન્દ્ર સરકારે અનુસૂચિત જાતિ માટે આ શબ્દનો ઉપયોગ ન કરવા માટે એક એડવાઈઝરી જારી કરીને તમામ રાજ્યોને તાકીદ કરેલી છે. 2010માં સમાજ કલ્યાણ અધિકારીતા વિભાગ દ્વારા પણ નવે શિરેથી દિશા નિર્દેશ જારી કરીને આ શબ્દ ઉપર પ્રતિબંધ લગાવેલો છે.

ડોનાલ્ડ ટ્રમ્પ સમક્ષ અમેરિકાના સામ્રાજ્યવાદનું રક્ષણ કરવાનો પડકાર

અમેરિકામાં ફરી એક વાર ટ્રમ્પ કાર્ડ ચાલ્યું છે. ભૂતકાળમાં ક્યારેય ન બન્યું હોય તેવું બન્યું છે કે ગત ચૂંટણીમાં હારી ગયેલા પ્રમુખ રિપબ્લિકન પાર્ટીના ડોનાલ્ડ ટ્રમ્પે ચૂંટણી જીતી લીધી છે. ડોનાલ્ડ ટ્રમ્પના જુસ્સાને સલામ ભરવી જોઈએ કે ૨૦૨૦માં ચૂંટણી હાર્યા પછી તેઓ એક દિવસ પણ જંપીને બેઠા નથી. તેમણે રાજીનામું આપ્યું તેના બીજા દિવસથી જ પ્રચાર ચાલુ કરી દીધો હતો. તેમની સામે સંખ્યાબંધ ફોજદારી કેસો કરવામાં આવ્યા હતા. તેમનાં નવાં નવાં સેક્સ કૌભાંડો ઉજાગર કરવામાં આવ્યાં હતાં. વધતી ઉંમર અને વધતી સમસ્યા છતાં ટ્રમ્પે હિંમત હારી નહોતી. અનેક પડકારો પાર કરીને તેઓ ફરીથી આન, બાન અને શાન સાથે વ્હાઇટ હાઉસ સુધી પહોંચી ગયા છે. ડોનાલ્ડ ટ્રમ્પની આ જીતની સરખામણી વર્ષ ૧૯૮૦માં ઇન્દિરા ગાંધીની જીત સાથે કરવાનું મન થઈ જાય છે. વર્ષ ૧૯૭૭ની ચૂંટણીમાં તેઓ બૂરી રીતે હાર્યાં હતાં. કટોકટી વખતના અત્યાચારોની તપાસ માટે શાસક જનતા પાર્ટી દ્વારા શાહ પંચની રચના કરવામાં આવી હતી અને ઇન્દિરાને જેલમાં નાખવામાં આવ્યાં હતાં. તેમ છતાં હિંમત હાર્યા વિના ઇન્દિરા ગાંધી જનતા પાર્ટીની સરકાર સામે ઝઝૂમતાં રહ્યાં હતાં. છેવટે જનતા પાર્ટીની સરકાર તેના આંતરિક કલહને કારણે અઢી વર્ષમાં જ તૂટી પડી હતી. દેશમાં મધ્યસત્ર ચૂંટણીની જાહેરાત કરવામાં આવી હતી અને મતદારોની સહાનુભૂતિનાં મોજાં પર સવાર થઈને ઇન્દિરા ગાંધી ચૂંટાઈ આવ્યાં હતાં.

ડોનાલ્ડ ટ્રમ્પ એવા સમયે રાષ્ટ્રપતિ બન્યા છે, જ્યારે અમેરિકાના સામ્રાજ્યવાદનો સૂર્યાસ્ત નજીક દેખાઈ રહ્યો છે. યુક્રેન અને ઇઝરાયેલ જેવા દેશો અમેરિકાના સદ્ધર ટેકા છતાં યુદ્ધમાં માર ખાઈ રહ્યા છે. રશિયા, ચીન અને ભારતની યુતિ થઈ ગઈ છે અને તેમાં ખનિજ તેલનું ઉત્પાદન કરતા સાઉદી અરબ જેવા દેશો પણ જોડાયા છે, જેઓ અમેરિકાના સાથી મનાતા હતા. ઓપેકના દેશો દ્વારા ડોલરમાં ખનિજ તેલ વેચવાના નિયમમાં છૂટછાટ આપવામાં આવી છે. બ્રિક્સના દેશો ડોલરના સામ્રાજ્યને તોડવા પોતાનું ચલણ શરૂ કરવાની તૈયારીમાં છે. આ સંયોગોમાં અમેરિકાની સર્વોપરિતા ટકાવી રાખવાનો પડકાર ડોનાલ્ડ ટ્રમ્પ સામે છે.

અમેરિકાના સૌથી ધનિક નેતાઓમાં ડોનાલ્ડ ટ્રમ્પની ગણતરી થાય છે. ડોનાલ્ડ ટ્રમ્પની નેટ વર્થ ૬.૬ અબજ ડોલરથી ૭.૭ અબજ ડોલરની વચ્ચે હોવાનું કહેવાય છે. ડોનાલ્ડ ટ્રમ્પે પ્રથમ વખત તેમની રાષ્ટ્રપતિ પદની ઉમેદવારીની જાહેરાત કરી હતી ત્યારે વર્ષ ૨૦૧૬માં તેમની કુલ સંપત્તિ ૪.૫ અબજ ડોલર હતી. અમેરિકાના રાષ્ટ્રપતિ બન્યા બાદ તેમની સંપત્તિમાં ઘટાડો જોવા મળ્યો હતો. ફોર્બ્સના ડેટા અનુસાર, ૨૦૨૦માં તેમની સંપત્તિ ઘટીને ૨.૧ અબજ ડોલર થઈ હતી, પરંતુ તેમના કાર્યકાળ પછી તે ફરી વધીને ૨૦૨૨માં 3 અબજ ડોલર પર પહોંચી ગઈ હતી, જે પાછી નવેમ્બર ૨૦૨૪માં ૭ અબજ ડોલરને વટાવી ગઈ છે. ભારતના નેતાઓ જ્યારે સત્તામાં હોય છે, ત્યારે તેમની સંપત્તિનો ગુણાકાર થાય છે, જ્યારે ટ્રમ્પની સંપત્તિનો ભાગાકાર થયો હતો.

ડોનાલ્ડ ટ્રમ્પની નેટવર્થમાં સૌથી મોટો હિસ્સો ટ્રમ્પ મિડિયા અને ટેક્નોલોજી ગ્રુપનો છે, જ્યારે બીજો સૌથી મોટો હિસ્સો તેમના ગોલ્ફ ક્લબ, રિસોર્ટ અને બંગલાઓનો છે. ડોનાલ્ડ ટ્રમ્પની સંપત્તિનો મોટો હિસ્સો સોશ્યલ મિડિયા કંપની ટ્રમ્પ મિડિયા એન્ડ ટેક્નોલોજી ગ્રુપનો છે. વિશ્વના અન્ય અમીર લોકોની જેમ ડોનાલ્ડ ટ્રમ્પ પાસે પણ ઘણી લક્ઝરી પ્રોપર્ટી છે. પછી ભલે તે ફ્લોરિડામાં પામ બીચના કિનારે એક કરોડ ડોલરની કિંમતની સુંદર હવેલી હોય કે સેન્ટ માર્ટિનમાં લક્ઝરી પ્રોપર્ટી. વ્હાઇટ હાઉસ છોડ્યા પછી ટ્રમ્પ જે ફ્લોરિડાના ઘરમાં રહે છે તેનું નામ માર-એ-લાગો છે. તે ૧૯૨૭ માં બનાવવામાં આવ્યું હતું અને ટ્રમ્પે તેને ૧૯૮૫ માં ખરીદ્યું હતું. આ હવેલી ૨૦ એકર વિસ્તારમાં ફેલાયેલી છે. તેમાં ૫૮ બેડરૂમ, ૩૩ બાથરૂમ, ૧૨ ફાયરપ્લેસ, એક સ્પા, સ્વિમિંગ પુલ, ટેનિસ કોર્ટ અને ગોલ્ફ કોર્સ છે. આ હવેલી સિવાય ટ્રમ્પ પાસે ઘણાં શહેરોમાં મોંઘાં અને વૈભવી મકાનો પણ છે. ન્યુ જર્સી, કનેક્ટિકટ, હવાઈ, ઈલિનોઈસ અને નેવાડા ઉપરાંત યુરોપ, એશિયા અને દક્ષિણ અમેરિકામાં પણ તેમની પાસે ઘણી મોંઘી રહેણાંક મિલકતો છે.

ડોનાલ્ડ ટ્રમ્પ ગોલ્ફના શોખીન તરીકે જાણીતા છે અને તેમની પાસે ૧૯ ગોલ્ફ કોર્સ પણ છે. તેમનું એરક્રાફ્ટ અને કાર કલેક્શન પણ ટ્રમ્પની સંપત્તિની ઝલક આપે છે. ડોનાલ્ડ ટ્રમ્પ પાસે પાંચ ખાનગી એરક્રાફ્ટ છે. રોલ્સ રોયસ સિલ્વર ક્લાઉડથી લઈને મર્સિડીઝ બેન્ઝ સુધી સેંકડો લક્ઝરી વાહનો છે. ડોનાલ્ડ ટ્રમ્પને રિયલ એસ્ટેટ બિઝનેસ વારસામાં મળ્યો છે. તેમના પિતા ફ્રેડ ટ્રમ્પ ન્યૂયોર્કના સૌથી સફળ રિયલ એસ્ટેટ ઉદ્યોગપતિઓમાંના એક હતા. ૧૯૭૧ માં ડોનાલ્ડ ટ્રમ્પે તેમના પિતાનો વ્યવસાય સંભાળ્યો અને તેને ઝડપથી વિસ્તાર્યો. તેમની કંપની હેઠળ, તેણે ઘણી આલીશાન ઇમારતો બનાવી, જેમાં ટ્રમ્પ પેલેસ, ટ્રમ્પ વર્લ્ડ ટાવર, ટ્રમ્પ ઇન્ટરનેશનલ હોટેલ અને રિસોર્ટનો સમાવેશ થાય છે. વિશ્વનાં તમામ મોટાં શહેરોની જેમ, ટ્રમ્પ ટાવર પણ મુંબઈમાં છે.

ડોનાલ્ડ ટ્રમ્પે ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધોને વધુ મજબૂત બનાવવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. દિવાળીના ખાસ અવસર પર ટ્રમ્પે સોશ્યલ મિડિયા સાઇટ X પર પોસ્ટ કરીને ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીને પોતાના મિત્ર ગણાવ્યા હતા. જ્યારે તેની સરકાર સત્તામાં આવશે ત્યારે તેણે બંને દેશો વચ્ચેની ભાગીદારીને વધુ આગળ વધારવાનું વચન પણ આપ્યું છે. ડોનાલ્ડ ટ્રમ્પે પણ બાંગ્લા દેશમાં તાજેતરના બળવા દરમિયાન હિંદુઓ અને અન્ય લઘુમતીઓ સામે થયેલી હિંસાની સખત નિંદા કરી છે. ચૂંટણી પ્રચાર દરમિયાન તેમણે વિશ્વના તમામ દેશોમાં રહેતાં હિંદુઓની રક્ષા કરવાનું વચન આપ્યું હતું. ડોનાલ્ડ ટ્રમ્પ સામે ભારતીય મૂળનાં કમલા હેરિસ ચૂંટણી લડ્યાં હતાં તો પણ અમેરિકાના ભારતીય મતદારો ટ્રમ્પની તરફેણ કરતાં નજરે પડ્યાં હતાં, કારણ કે તેમને અમેરિકાના વિકાસમાં તેમનો વિકાસ દેખાયો છે.

અમેરિકાના ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચેની કેમેસ્ટ્રી પણ ઘણી ચર્ચામાં રહી છે. બંને નેતાઓ વચ્ચેના ગાઢ સંબંધો ઘણા હાઈ-પ્રોફાઈલ કાર્યક્રમોમાં દેખાઈ રહ્યા હતા. ૨૦૧૯ માં ટેક્સાસમાં હાઉડી, મોદી! રેલીમાં દેખાઈ રહ્યું હતું કે ટ્રમ્પે લગભગ ૫૦,૦૦૦ લોકોની સામે નરેન્દ્ર મોદીનું અભિવાદન કર્યું હતું. વિદેશી નેતા માટે અમેરિકામાં આયોજિત આ સૌથી મોટા મેળાવડામાંનો એક હતો. જ્યારે ડોનાલ્ડ ટ્રમ્પ ભારત આવ્યા હતા, ત્યારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પણ વિશ્વના સૌથી મોટા અમદાવાદના મોઢેરા ક્રિકેટ સ્ટેડિયમમાં તેમની યજમાની કરી હતી. આ દરમિયાન અમેરિકન રાષ્ટ્રપતિના સ્વાગત માટે ૧ લાખ ૨૦ હજારથી વધુ લોકો હાજર રહ્યા હતા. બંને નેતાઓ વચ્ચેનો આ તાલમેળ માત્ર પ્રતીકાત્મક નથી. બંનેના રાષ્ટ્રવાદી વિચારો લગભગ સમાન છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીનું ઈન્ડિયા ફર્સ્ટ વિઝન અને ડોનાલ્ડ ટ્રમ્પની અમેરિકા ફર્સ્ટ નીતિ એકદમ સમાન છે. બંને નેતાઓ સ્થાનિક વિકાસ, આર્થિક રાષ્ટ્રવાદ અને રાષ્ટ્રીય સરહદોની સુરક્ષા પર ભાર મૂકે છે.

ડોનાલ્ડ ટ્રમ્પની આગેવાની હેઠળનું વહીવટીતંત્ર અમેરિકા કેન્દ્રિત વેપાર નીતિઓ પર ધ્યાન કેન્દ્રિત કરશે. આવી સ્થિતિમાં ભારતની આઈટી, ફાર્માસ્યુટિકલ્સ અને ટેક્સટાઈલ સેક્ટરની નિકાસને અસર થઈ શકે છે. તેઓ ભારત પર વેપાર અવરોધો ઘટાડવા માટે દબાણ પણ બનાવશે. ઇમિગ્રેશન પર ડોનાલ્ડ ટ્રમ્પની પ્રતિબંધિત નીતિઓ ખાસ કરીને H-1B વિઝા પ્રોગ્રામની અમેરિકામાં ભારતીય વ્યાવસાયિકો પર ભારે અસર પડી છે. આવી નીતિઓ પાછી લાવવાથી ભારતીયો માટે અમેરિકાના જોબ માર્કેટમાં નોકરી મેળવવી થોડી મુશ્કેલ બની જશે. ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાના હિતોના ભોગે ભારતને લાભ કરાવે તે સંભવિત જ નથી.

ટુ ધ પોઇન્ટ
સમકિત શાહ

બ્રિક્સના દેશો ડોલરના સામ્રાજ્યને તોડવા પોતાનું ચલણ શરૂ કરવાની તૈયારીમાં છે. આ સંયોગોમાં અમેરિકાની સર્વોપરિતા ટકાવી રાખવાનો પડકાર ડોનાલ્ડ ટ્રમ્પ સામે છે

BUSINESS મિત્ર

લાભ પાંચમે શેરબજારમાં તેજીનો માહોલ: આઇટી શેરોમાં આક્રમક લેવાલી

ટ્રમ્પની જીત પર ભારતીય શેરબજારની સલામી: સેન્સેક્સ-નિફ્ટીમાં જોરદાર ઉછાળો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 6: અમેરિકાની ચૂંટણીમાં ટ્રમ્પના વિજયના અહેવાલના પગલે ભારતીય શેરબજારમાં તેજીનો માહોલ જોવા મળ્યો હતો અને ભારતીય શેરબજારે ટ્રમ્પના વિજેતાને સલામી આપી હતી. જેમાં ખાસ કરીને આઇટી શેરોની આગેવાની રહી હતી અને તેની પાછળ શેરબજારમાં ઇન્ટ્રાડેમાં નિફ્ટીએ 24500ની સપાટી કુદાવી હતી. આજે આઇટી, ઓઇલ એન્ડ ગેસ તથા પવાર અને રિયલ્ટી શેરોમાં જોરદાર ખરીદી રહી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, અમેરિકાની ચૂંટણીમાં ટ્રમ્પને 267 વોટ મળ્યા છે, જ્યારે હેરીસને 224 વોટ મળ્યા હતા. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ 270 વોટ જોઇએ, જે માત્ર ત્રણ વોટ દૂર છે.

આર્થિક દ્રષ્ટિએ જોઇએ તો ભારતનો સર્વિસીસ એકવીટી ગ્રોથ સપ્ટેમ્બરમાં 10 મહિનાના નીચલા સ્તરે પહોંચી ગયો હતો. જે ઓકટોબરમાં સર્વિસીસનો પીએમઆઇ ઇન્ડેક્સ 58.5 થયો છે.

બીજી તરફ, બ્રોડર માર્કેટમાં પણ જબરજસ્ત ઉછાળો જોવા મળ્યો હતો. ખાસ કરીને મિડકેપ આઇટી શેરોમાં શાનદાર તેજી જોવા મળી હતી. બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ 2.28 ટકા ઉછળ્યા હતા, જ્યારે સ્મોલકેપ ઇન્ડેક્સ 1.98 ટકા ઉછળ્યા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ પણ મજબૂત રહ્યા હતા. બીએસઇ ખાતે 3005 શેરો વધ્યા હતા, જ્યારે 964 શેરો ઘટયા હતા અને 94 શેરો યથાવત રહ્યા હતા.

શેરબજારમાં આઇટી, રિયલ્ટી અને પાવર શેરોની આગેવાની હેઠળ સેન્સેક્સ-નિફ્ટી ઉછળ્યા હતા. સેન્સેક્સ 901.50 પોઇન્ટ એટલે કે 1.13 ટકા ઉછળીને 80000 પોઇન્ટની સપાટી કુદાવીને 80378.13 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેકસ 80570 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો. જ્યારે નીચામાં 79459 પોઇન્ટ સુધી સરકયો હતો. નિફ્ટી 270.75 પોઇન્ટ એટલે કે 1.12 ટકા ઉછળીને 24400ની સપાટી કુદાવીને 24484.05 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી 24500ની સપાટી કુદાવીને 24537 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 24204 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 110.15 પોઇન્ટ એટલે કે 0.21 ટકા સુધરીને 52317.40 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

એકમે સોલર હોલ્ડિંગ્સ લિમિટેડ, ભારતમાં સૌર, પવન, હાઇબ્રિડ અને પેઢી અને ડિસ્પેચેબલ રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટના પોર્ટફોલિયો સાથે રિન્યુએબલ એનર્જી કંપનીએ આઇપીઓ માટે રૂ. 275થી રૂ. 289ની પ્રાઇસ બેન્ડ નક્કી કરી છે. જે આઇપીઓ 6 નવેમ્બરે ખુલશે, જ્યારે 8મીએ બંધ થશે.

એનએસઇ ખાતે સીસીએલ પ્રોડકટસમાં 73.64 ગણા, ઇ કલર્કસ સર્વિસીસમાં 15.33 ગણા, ટાઇટન કંપની 4.91 ગણા, રૂટ મોબાઇલમાં 4.89 ગણા, અને ટીમકેન લિ.માં 4.84 ગણા કામકાજ નોંધાયા છે. બીએસઇ ખાત ખાતે સેફાયર ફુડસમાં 75.44 ગણા, દીપક નાઇટ્રાઇટમાં 49.5 ગણા, એસબીઆઇ લાઇફ 40.29 ગણા, લાર્સન એન્ડ ટુબ્રો 18.54 ગણા અને ઇન્ફોસીસ 17.31 ગણા કામકાજ નોંધાયા છે.

આજે મીડિયા શેરોમાં તેજી જોવા મળી હતી. નિફ્ટી મીડિયા ઇન્ડેકસ 3.99 ટકા વધ્યો હતો. જેમાં સન ટીવી નેટવર્ક, ટીપ્સ મ્યુઝીક, નેટવર્ક 18 મીડિયા, નઝારા ટેકનો, હેથવે કેબલ, ઝી એન્ટર, ડેન નેટવર્ક, પીવીઆર અને ડીશ ટીવી વધ્યા હતા.

વૈશ્વિક સ્તરે ડાઉ ફયુચર 1171 પોઇન્ટ ઉછળ્યો હતો, જેથી આજે અમેરિકાના બજારોમાં જબરજસ્ત ઉછાળા સાથે ખુલવાના સંકેત આપી રહ્યા છે. આજે યુરોપિયન બજારોમાં મજબૂતાઇ જોવા મળી હતી અને એશિયન બજારો મિશ્ર રહ્યા હતા. અમેરિકાની ચૂંટણીમાં ટ્રમ્પના વિજય થવાના અહેવાલના પગલે ઉછળ્યા હતા. આ ઉપરાંત, આવતીકાલે ફેડરલ રિઝર્વની બેઠક મળશે તેમાં વ્યાજદર ઘટશે તેની પાછળ પણ શેરબજારમાં વધઘટ રહેશે. જ્યારે શુક્રવારે ચીનના સ્ટીમ્યુલસ પેકેજની જાહેરાતથી શેરબજારમાં વધઘટ જોવા મળશે. યુરોપિયન બજારોમાં એપટીએસઇ 1.18 ટકા, કેક 1.22 ટકા અને ડેક્સ 0.78 ટકા સુધારા સાથે ચાલી રહ્યા હતા. એશિયન બજારોમાં નીક્કી 2.55 ટકા, સ્ટ્રેઇટસ 0.59 ટકા, તાઇવાન 0.48 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. જ્યારે હેંગસેંગ 2.28 ટકા, જકાર્તા 1.46 ટકા અને શાંઘાઇ 0.09 ટકા ઘટયા હતા.

સેન્સેક્સ	901.50	80378.13
નિફ્ટી	270.75	24484.05
બેન્ક નિફ્ટી	110.15	52317.40

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
બીઇએલ	5.41	301.85
અદાણી એન્ટર	4.48	3046.25
ટીસીએસ	4.24	4139.65
ઇન્ફોસીસ	3.96	1823.70
ટેક મહિન્દ્રા	3.73	1693.55

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
એસબીઆઇ લાઇફ	1.79	1603.95
ટાઇટન કંપની	1.65	3177.05
એચડીએફસી લાઇફ	1.19	708.70
ઇન્ડસઇન્ડ બેન્ક	1.14	1077.65
એચયુએલ	0.82	2500.70

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ટીસીએસ	4.21	4138.80
ઇન્ફોસીસ	4.02	1824.30
ટેક મહિન્દ્રા	3.85	1696.00
વિપ્રો	3.75	564.05
એચસીએલ ટેકનો	3.71	1838.95

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ટાઇટન કંપની	1.72	3177.50
ઇન્ડસઇન્ડ બેન્ક	1.14	1077.60
એચયુએલ	0.79	2501.35
એક્સીસ બેન્ક	0.35	1167.10
એચડીએફસી બેન્ક	0.22	1754.15

ડોલરમાં જબરજસ્ત ઉછાળો, 17 પૈસા વધ્યો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 6: આજે ડોલરની સામે રૂપિયામાં જબરજસ્ત ઉછાળો જોવાયો હતો. આજે ડોલરની સામે રૂપિયો 17 પૈસા તૂટીને 64.28ના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે ગત સેશનમાં 84.11ના સ્તરે બંધ રહ્યો હતો. આમ, 84.28ના વિક્રમી સપાટીએ પહોંચ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો90.62, પાઉન્ડ 108.05, કેનેડિયન ડોલર 60.63, ઓસ્ટ્રેલિયન ડોલર 55.62, જાપાનીઝ યેન 0.5473 અને સીંગાપોર ડોલર 63.36ના સ્તરે બંધ રહ્યા હતા.

યાર્ન બજાર સુરત
(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા
૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન	રૂ.
૩૦/૨૪ બ્રાઇટ	૨૯૧
૩૦/૩૬ એફડી	૩૦૨
લોકલ	
૬૨/૩૬ ક્રિમ્પ	૧૩૯
૬૮/૩૬	૧૩૪
૭૨/૩૬ ક્રિમ્પ	૧૩૨
૯૦/૩૬ ક્રિમ્પ	૧૨૭
૮૪/૪૮ ક્રિમ્પ	૧૨૭
૩૦/૧૪ ક્રિમ્પ	૧૭૦
૮૦/૭૨ રોટો.	૧૨૭
૮૦/૩૬ રોટો.	૧૨૮
૧૫૦/૪૮બ્રાઇટ	૧૨૧

૭૫/૩૬ ,,	૧૨૧
૫૦/૩૬ ,,	૧૨૯
૫૦/૪૮ SD/ક્રેપ	૧૭૧
RIL રિલાયન્સ	
૯૦/૩૬ ક્રિમ્પ	૧૨૪
૧૧૪.૧૩ રોટો	---
૧૦૦